# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ,જૂનાગઢ

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ ,બીલખા રોડ ,ખડીયા,

જૂનાગઢ-૩૬૨૨૬૩ ફોન.(ઓ) ૦૨૮૫-૨૬૮૧૪૦૦

વેબસાઈટ : http://www.bknmu.edu.in ઇમેઈલ- : info@bknmu.edu.in


## :: પરિપત્ર ::

**વિષય : બી .એડ્.પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની જાણ અંગે**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ના બી.એડ્. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ -૩ રાઉન્ડ દરમ્યાન જે ઉમેદવારોને કોલેજમાં પ્રવેશ મળેલ છે અને કન્ફોર્મ કરેલ છે કે TAKE_WAIT વિકલ્પ પસંદ કરેલ છેતેવા ઉમેદવારો આગળની બી.એડ. પ્રત્યક્ષ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે.

(૧) બી.એડ્. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ -૩ રાઉન્ડ દરમ્યાન જે ઉમેદવારોએ કન્ફોર્મ એડમીશન મેળવેલ છે તેઓ પ્રત્યક્ષ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તા.૦૧/૦૮/૨૦૧૯સુધીમાં એડમીશન મેળવેલ વિદ્યાર્થીઓએ કોલેજના નિયત સમય દરમ્યાન એડમીશન કેન્સલની અરજી એડમીશન કન્ફોર્મ મેમાં સાથે રૂબરૂ કરવાની રહેશે તથા કોલેજે ભરેલી સમ્પૂર્ણ ફી પરત કરવાની રહેશે.

(૨) એડમીશન કેન્સલ કરાવનાર વિદ્યાર્થીઓ જ પ્રત્યક્ષ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે અને જે-તે કોલેજમાં ખાલી રહેલી જગ્યા પર મેરીટના ધોરણે પ્રવેશ માટે હક્કદાર બનશે.

(૩) બી.એડ્. પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ ત્રણ ઓનલાઈન રાઉન્ડમાં TAKE_WAIT વિકલ્પ પસંદ કરી પ્રવેશ પ્રક્રિયામાં ઉભા રહેલ ઉમેદવારો જો ઈચ્છે તો હાલમાં પ્રવેશ મેળવેલ કોલેજમાં તા.૩૧/૦૭/૨૦૧૯ સુધીમાં કોલેજના નિયત સમય દરમ્યાન પોતાનો પ્રવેશ કન્ફોર્મ કરાવી શકશે, જે માટે અરજી જે-તે કોલેજના આચાર્યશ્રીને આપવાની રહેશે. આચાર્યશ્રીએ આ અરજી બી.એડ્. પ્રવેશ સમિતિના ઈ-મેઈલ પર તા.૩૧/૦૭/૨૦૧૯ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે તથા હાર્ડ કોપી પ્રવેશ સમિતી કાર્યાલયે મોકલી આપવાની રહેશે.

(૪) બી.એડ્. પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ ત્રણ ઓનલાઈન રાઉન્ડમાં TAKE_WAIT વિકલ્પ પસંદ કરી પ્રવેશ પ્રક્રિયામાં ઉભા રહેલ ઉમેદવારો જો હાલ મળેલ કોલેજમાં એડમીશન કન્ફોર્મ કરવા ઈચ્છતા ન હોય તો તેઓએ પ્રવેશ રદની અરજી જે-તે કોલેજમાં આપવાની રહેશે અને તેવા ઉમેદવારોએ પ્રત્યક્ષ પ્રવેશ પ્રક્રિયામાં રૂબરૂ હાજર રહી મેરીટના ધોરણે પ્રવેશ મેળવવાનો રહેશે.

Co-ordinator
B.Ed. Admissin Committee
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh.

**ક્રમાંક/બીકેએનએમયુ/બી.એડ્./ ૯૧ /૨૦૧૯**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બીલખા રોડ,
ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩.

**તા. 30/૦૭/૨૦૧૯**

પ્રતિ,
પ્રિન્સીપાલશ્રી / સંચાલકશ્રી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ-
-સંલગ્ન તમામ બી.એડ્./એમ.એડ્. કોલેજો.

નકલ સાદર રવાના : (૧) માન. કુલપતિશ્રી/માન. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે : :- આઈ. ટી. સેલ